# વિદ્યા માટે જીવન !

– ધૂમકેતુ

શેખ સાદીની એક વાત છે. એ વિદ્યાની ઉપાસના કરવા દેશપરદેશ ઘૂમતા રહેતા. એમણે લગભગ ત્રીસ વરસ આમ મુસાફરીમાં કાઢ્યાં હતાં. એક વખત એવા પ્રવાસમાં એમને લૂંટારાઓનો ભેટો થઈ ગયો. શેખ સાદીને એમણે કહ્યું : 'શેખજી ! જે કાંઈ હોય તે છોડી દો. ને પછી ખુશીથી જાઓ !'

શેખ સાદીએ જવાબ વાળ્યો : 'સંતાળવી તો એક કોડી પણ નથી. પણ મારી એક વિનંતીનો સ્વીકાર કરો, તો બધી અશરફી તમને સોંપીને ચાલ્યો જાઉં !'

લૂંટારાઓને આ પંડિતનાં પોથાં જોઈને નવાઈ તો લાગી હતી, પણ એની આ વાણી સાંભળીને વધારે લાગી. પણ તે તો શંકાશીલ આદમીઓ રહ્યા. સમય કાઢવો એમને પોસાય નહિ. એમણે ઉતાવળે કહ્યું : 'શું છે એ ઝટ બોલી નાખો, નહિતર પછી અમે બધું લૂંટીને જઈશું.'

શેખ સાદીએ જવાબ વાળ્યો : 'ભાઈઓ ! હું તો વિદ્યા માટે, ઈલ્મ માટે, અહીં તહીં રખડું છું.



મારું કામ તમે કરતા હો તો મારે એટલો બોજો ઓછો. લ્યો, આ બધી અશરફી, અને એ તમે વાપરજો. પણ મારી એક જ વિનંતી છે : એ બધીને તમે વિદ્યાનાં નવાં નવાં રૂપ મેળવવા માટે કે જાળવવા માટે વાપરજો, તમને એમાં સમજણ ન પડે તો જેમને સમજણ પડતી હોય એમને મદદ કરીને પણ વિદ્યાનો પંથ દુનિયામાં ચાલુ રાખજો. આટલું તમે કરો, પછી, આ બધી અશરફી તમે લઈ જાઓ, એનો મને રંજ શોક નથી. લ્યો, વાપરવા માટે તો એ હું ભેગી ફેરવી રહ્યો છું !'

લૂંટારાઓ શેખ સાદીની વાત સાંભળીને છક્ક થઈ ગયા અને જ્યારે એમણે જાણ્યું કે એ તો સેંકડો જોજન દૂરથી આ સુસાફરી કેવળ વિદ્યાપ્રીતિથી જ કરી રહ્યા છે, ત્યારે એમણે એમનો ભાર તો ઉપાડી જ લીધો, પણ એમને સહીસલામત રખેવાળી આપવા પોતે સાથે ચાલ્યા.

કોઈ પણ એક વાતની સાચી ભક્તિ, માણસને તારે ને તારે, એ સત્ય જાણે કે લૂંટારાઓ પણ આ રીતે પ્રગટ કરી રહ્યા હતા !

■